ગુજરાતમિત્ર

# બારડોલી-વ્યારા-ભરૂચ

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| અંકલેશ્વર | ૩૪.૦° સે. | ૨૫.૦° સે. |
| બારડોલી | ૩૪.૦° સે. | ૨૫.૦° સે. |
| ભરૂચ | ૩૪.૦° સે. | ૨૬.૦° સે. |
| વ્યારા | ૩૪.૦° સે. | ૨૫.૦° સે. |



## સંક્ષિપ્ત સમાચાર

### ડુંગરી નહેરમાં ડૂબેલા યુવાનની લાશ મળી

અનાવલઃ ડોલવણના બેડા રાયપુર ગામે તાડ ફળિયામાં રહેતો રાજેશ અમૃત ચૌધરી નામનો 35 વર્ષીય યુવક મહુવાના નળધરા ગામના વેગી ફળિયા નજીકથી પસાર થતી ઉકાઈ ડાબા કાંઠાની નહેરની પાળ ઉપર બેઠો હતો. જે ઊભો થવા જતાં સંતુલન ગુમાવતાં અચાનક નહેરના ઊંડા પાણીમાં તણાયો હતો. શોધખોળ દરમિયાન તેની ડૂબીને મરણ ગયેલી હાલતમાં લાશ નજીકમાં આવેલા ડુંગરી ગામના પાના ફળિયામાંથી પસાર થતી નહેરના પાણીમાંથી મળી આવી હતી. મહુવા પોલીસે લાશનો કબજો લઈ જરૂરી કાર્યવાહી કરી અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે.

### પલસાણામાં ભાડા કરાર નહીં કરનારા બે દુકાનદાર સામે જાહેરનામા ભંગની ફરિયાદ

પલસાણાઃ પલસાણા પોલીસની ટીમ મંગળવારના રોજ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પલસાણાના તુલસી કરિયાણા સ્ટોરના દુકાનદાર અખિલેશ પ્રમોદકુમાર પ્રજાપતિ (ઉં.વ.28) (રહે., 27, સુર્યાંશી રેસિડેન્સી, પલસાણા) તેમજ શ્રી ગણેશ કરિયાણા સ્ટોરના દુકાનદાર ગૌતમકુમાર શંકર યાદવ (ઉં.વ.28) (રહે., 27, સુર્યાંશી રેસિડેન્સી, પલસાણા)માં તપાસ કરતાં બંને દુકાનદારોએ સુરત કલેક્ટરના જાહેરાતનામા મુજબ ભાડાકરાર કરવાનો હોય છે. જે ભાડાકરાર કરેલો ન હોવાથી પોલીસે બંને વિરુદ્ધ જાહેરનામા ભંગની ફરિયાદ નોંધી અટકાયત કરી હતી.

### બારડોલીના ડ્રગ્સના ગુનામાં વોન્ટેડ આરોપી ઉચ્છલથી પકડાયો



વ્યારાઃ ઉચ્છલ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન એસ.ઓ.જી.ના પોલીસકર્મીઓને ખાનગી રાહે મળેલી બાતમીના આધારે બારડોલી ટાઉન પો.સ્ટે.માં નાર્કોટિક્સ ડ્રગ્સ પદાર્થ અધિનિયમની કલમ મુજબના ગુનામાં સંડોવાયેલા વોન્ટેડ આરોપી ગોપાલ આનુ વસાવા (ઉં.વ.૨૪)(રહે., સયાજીગામ, કાથુડ ફળિયું, તા.ઉચ્છલ)ને પોલીસે ઝડપી પાડ્યો હતો.

### સાયણ ટાઉનમાંથી જુગાર રમતા એક શકુની ઝડપાયો, ત્રણ ભાગી છૂટ્યા

સાયણઃ સોમવાર, તા.૧૪મીના રોજ સાયણ આ.પો. ચોકીનો સ્ટાફ નાઇટમાં પેટ્રોલિંગમાં હતો, ત્યારે બાતમી મળી હતી કે, સાયણ ટાઉનમાં રાંદલ માતા મંદિરની પાછળ નિલમ નગરના નાકા પાસેના વીજપોલ નીચે કેટલાક ઇસમો ગંજીપાના વડે હારજીતનો જુગાર રમી રહ્યા છે. પોલીસે રેઇડ કરતાં વિશાલ કૈલાશ પાટીલ, (ઉં.વ.૨૬ રહે.રાંદલ માતાના મંદિર પાસે) માત્ર એક જુગારી ઝડપાઈ ગયો હતો. જ્યારે બાકીના જુગારીઓ પોલીસની રેઇડ પડતાં ભાગી છૂટ્યા હતાં. પોલીસે ઝડપાયેલ જુગારી પાસેથી દાવ ઉપરના રોકડા રૂ.૫,૮૦૦, અંગઝડતીના રોકડા રૂ.૧૩,૬૦૦, એક મોબાઇલ, એક મોપેડ તથા એક બાઈક મળી કુલ રૂ.૧,૦૪,૪૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. ભાગી જનાર અન્ય આરોપીઓ વિકી કૈલાશ પાટીલ (રહે.રાંદલ માતા મંદિરની પાસે), સુનિલ રાજપૂત (રહે.સાયણ,નિલમ નગર) તથા સાયણના શિવા નામના જુગારીને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે તમામ વિરૂધ્ધ જુગારધારાની કલમ-૧૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### પલસાણાના ઈટાળવા નજીક 64 હજારનો વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઈ

પલસાણા : પલસાણા પોલીસની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે, નવસારી તરફથી એક સફેદ કલરની હુંડાઈ કંપનીની એકસેન્ટ કાર નંબર જીજે 1 કેવી 1669 વિદેશી દારૂ ભરીને પલસાણા થઈ સચિન તરફ જનાર છે. જેના આધારે પોલીસે ઇટાળવા ગામની સીમમાં આકૃતિ નમકીન પાસે નેશનલ હાઇવે નંબર 53 પર નાકાબંધી કરી હતી. તે સમયે કાર આવતા જ તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ચાલકે કાર ઊભી રાખી ન હતી. પોલીસે પીછો કરતાં થોડે આગળ પહોંચી કારચાલક કાર મૂકીને અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો. પોલીસે કારમાં જઈને ચેક કરતાં કારમાંથી 552 બોટલ વિદેશી દારૂ કિંમત રૂ. 64800 મળી આવ્યો હતો. પોલીસે 3 લાખની કાર સહિત કુલ 364800 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી કાર ચાલકને વોન્ટેડ જાહેર કર્યો હતો.

### અંકલેશ્વરના સજોદ ગામે ઘરમાંથી 22 હજારનો દારૂ ઝડપાયો, બુટલેગર ફરાર

અંકલેશ્વરઃ અંકલેશ્વર રૂરલ પોલીસમથકની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન બાતમીને આધારે સજોદના વાળીનાથ ફળીયામાં રહેતા ગીરીશ રણછોડ પટેલના ઘરમાં રેઇડ કરી પોલીસે પેટી પલંગમા કપડાની નીચે વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂની 350 મીમીની મોટી બોટલ નંગ 26 તથા બીયરના ટીન નંગ 18 કુલ કી.રૂ.22988નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. જો કે પોલીસ રેઇડની અગાઉથી જ જાણ થઈ જતા બુટલેગર ગિરીશ પટેલ નાસી ગયો હતો. પોલીસે તેની વિરૂધ્ધ પ્રોહીબીશન એક્ટ અંતર્ગત ગુનો નોંધી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

### પાનોલીમાં વીજ કંપનીના ટ્રાન્સફોર્મરમાંથી નીચેનો વાલ્વ ખોલી ઓઇલની ચોરી

અંકલેશ્વરઃ પાનોલી જીઆઈડીસીમાં આવેલી પાવર કંટ્રોલર ટેક્નોલોજી તથા જલીલ પ્લાસ્ટ કંપનીના વપરાશ માટે મૂકવામાં આવેલા વીજ ટ્રાન્સફોર્મરમાંથી નીચેનો વાલ્વ ખોલી કોઈ અજાણ્યા ચોર ઓઇલ ચોરી કરી રૂ.40,800નું નુકસાન કરી પલાયન થઇ ગયા હતા. આ અંગે ડીજીવીસીએલ કંપનીના અંકલેશ્વર ઇન્ડસ્ટ્રીઝ સબ ડિવિઝનના નાયબ ઇજનેર વસંત ભગતે પાનોલી પોલીસમથકે ફરિયાદ આપતાં પોલીસે તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં હતાં.

### ઉચ્છલનો મોબાઇલ ચોરીનો ગુનો ઉકેલાયો

વ્યારાઃ ઉચ્છલમાં મોબાઈલ ચોરીનો ગુનો પોલીસે બાતમીદારો તેમજ ટેક્નિકલ સર્વેલન્સના આધારે ઉકેલી કાઢ્યો છે. ઉચ્છલ પોલીસ સ્ટેશનમાં પાઉલભાઇ વસંતભાઇ ગામીત (રહે., ભડભુંજા બસ સ્ટેન્ડ ફળિયું, તા.ઉચ્છલ)ના પિતાજીનો ઓપ્પો કંપની મોબાઇલ ફોન, જે ફોનમાં સિમકાર્ડ ધારક ઇકબાલ અકબર શાહ (ઉં.વ.33)(રહે., ઇસ્લામપુરા, નવાપુર, જિ.નંદુરબાર, મહારાષ્ટ્ર) ઉપયોગ કરતો હોવાની માહિતી મળતાં પોલીસે ઉચ્છલ ત્રણ રસ્તા પાસે સિમકાર્ડ ધારક ઇકબાલ શાહ પાસેથી ચોરીનો મોબાઇલ ફોન મળી આવતાં તેની પૂછપરછ કરી હતી. મોબાઇલ ફોનના માલિકીના આધાર પુરાવા/બિલની માંગણી કરતાં તેમની પાસે કોઇ બિલ કે આધાર પુરાવા ન હોવાનું જણાવ્યું હતું. મોબાઇલ આજથી આશરે એકાદ અઠવાડિયા પહેલાં તેઓએ નવાપુરથી ખરીદ્યો હોવાનું જણાવતાં મોબાઇલ ફોનની કિં.રૂ.૬૦૦૦ ગણી BNSS કલમ મુજબ કબજે કરી પકડાયેલા ઇસમને BNSS કલમ- ૩૫(૧)એ મુજબ તા.૧૪/૧૦/૨૦૨૪ ના રોજ બપોરે ૨:૪૫ વાગ્યે અટકાયત કરી, મોબાઇલ ફોન વેચનારા આરોપીને વોન્ટેડ જાહેર કર્યો છે. પકડાયેલા આરોપીને ઉચ્છલ પોલીસ સ્ટેશનમાં આ ગુનાના કામે આગળની વધુ તપાસ માટે ઉચ્છલ પોલીસને સોંપ્યો છે.

### નાની નરોલીના ભારતીય વિદ્યા ભવન્સમાં કાર્યક્રમ

વાંકલઃ નાની નરોલીના ભારતીય વિદ્યા ભવન્સમાં વિશ્વ વિદ્યાર્થી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય વિદ્યા ભવન્સ જી.આઇ.પી.સી.એલ. એકેડમીના આચાર્ય વૈભવ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો. આચાર્યએ અબ્દુલ કલામના જીવનના સંઘર્ષ અને પરમાણુ પરીક્ષણ અને મિસાઈલ અંગેની જાણકારી આપી હતી. મિસાઈલ કેટલા પ્રકારની હોય છે? અને ભારતની કઈ કઈ મિસાઈલો અત્યાર સુધી રિલીઝ થઈ ગઈ છે તે વિશે આચાર્યએ બાળકોને માહિતી આપી હતી.

# તરસાડીની કંપનીમાં કામદારોને છૂટા કરાતાં હલ્લો

**વિલાઈન** કંપનીએ 4 કામદારને છૂટા કરતાં સામાજિક આગેવાનો સાથે કંપનીને માથે લીધી, અંદાજિત છ કલાક સુધી વિરોધ પ્રદર્શન

**દૈનિક** રોજ નિયમોનુસાર ૪૭૬ને બદલે કોન્ટ્રાક્ટરો કામદારોને ૩૦૦ રૂપિયા જ ચૂકવતા હોવાનો આક્ષેપ



મેહુલ પટેલ

અનાવલઃ મહુવાના તરસાડીની વિલાઈન કંપનીએ મંગળવારે સવારે કંપનીના ચાર લેબરને છૂટા કરી દીધા હતા. જેને લઈ કોન્ટ્રાક્ટ લેબરોએ તેમના થઈ રહેલા શોષણ અંગે તેમજ તેમની માંગણીઓને લઈ તેમજ તેઓના સમર્થનમાં કંપની ખાતે આવી પહોંચેલા આવેલ મહુવા તાલુકાના સામાજિક આગેવાનોએ લેબરો સાથે મળીને આખી કંપનીને જાણે અંદાજિત ૬ કલાક જેટલી બાનમાં લીધી હતી. જેથી ઉગ્ર વાતાવરણ સર્જાતાં મહુવા પોલીસ પણ ત્યાં બંદોબસ્ત માટે આવી પહોંચી હતી.

મહુવાના તરસાડીની 'વિલાઈન' કંપનીમાં કામ કરતા કોન્ટ્રાક્ટ લેબરોને છેલ્લા ઘણા સમયથી પોતાના કામનો દૈનિક રોજ નિયમોનુસાર ૪૭૬ ચૂકવવાનો થાય છે. પરંતુ કોન્ટ્રાક્ટરો કામદારોને ૩૦૦ રૂપિયા જેટલો જ દૈનિક રોજ ચૂકવતા હતા તેમજ કામદારોને બોનસ પણ આપવામાં આવતું નથી. ઉપરાંત મહિલા કામદારો સાથે અભદ્ર વ્યવહાર પણ કરવામાં આવે છે અને તેઓ સાથે કામના સ્થળે ગાળાગાળી કરવામાં આવે છે તેમજ અશોભનીય વ્યવહાર પણ કરવામાં આવે છે. તેમનું પી.એફ. કાપવામાં આવે છે પરંતુ પી.એફ. નંબર આપવામાં આવતા નથી તેમજ પી.એફ.ના પૈસા પણ જમા કરાતા નથી. આ ઉપરાંત તેમને પગાર સ્લિપ આપવામાં આવતી નથી તેમજ પગાર પણ રેગ્યુલર થતો નથી.

સપ્ટેમ્બર મહિનાનો પગાર આજે ૧૫ ઓક્ટોબર થયો ત્યાં સુધી પણ આપવામાં આવ્યો નથી. આ મુજબના અંદાજિત તેમના કુલ ૨૦ જેટલા પ્રશ્ન હતા. આ મુજબની વિવિધ માંગણીઓ કંપની માલિકો પાસે સતત કરાઈ હતી, પરંતુ જે કોઈપણ કામદાર આ અંગે રજૂઆત કરવા જાય તેને તરત જ છૂટા કરી દેવાતા હતા. આજે પણ ચાર જેટલા કામદારો તેમનાં પગાર અને બોનસ બાબતે રજૂઆત કરવા જતાં તરત છૂટા કરી દેવાયા હતા. આથી કંપનીના કામદારો કામથી અળગા થઈ કેમ્પસમાં ભેગા થઈ ગયા હતા અને ત્યાં ધરણાં પર બેસી ગયા હતા.

આ વાતની જાણ મહુવા તાલુકાના સામાજિક આગેવાનોને કરવામાં આવતાં તેઓ પણ કંપની ખાતે આવી પહોંચ્યા હતા અને કામદારો વતી તેઓએ ત્યાં હાજર રહેલા એચ.આર. સાથે આ અંગે રજૂઆત કરી હતી. પરંતુ એચ.આર. દ્વારા ઉડાઉ જવાબ આપવામાં આવતાં સ્થાનિક આગેવાનો સાથે કામદારો ખૂબ રોષે ભરાયા હતા અને સૂત્રોચ્ચાર કરી આખી કંપનીને બાનમાં લેતાં વાતાવરણ ઉગ્ર બની ગયું હતું. સામાજિક આગેવાનોએ અને કામદારોએ માંગણીઓ કરી હતી કે, અમારા આ તમામ પ્રશ્નોનું આજે નિરાકરણ ન આવે ત્યાં સુધી અમે ધરણાં ઉપર બેસીશું અને અમારી સાથે વાતચીત કરવા કંપનીના માલિક આવે અને અમારી તમામ માંગણીઓ સ્વીકારવામાં આવે. એ સાથે તેઓ ત્યાં જ સ્થળ ઉપર ધરણાં ઉપર બેઠા હતા અને અંદાજે ૪ કલાકે કંપનીના જવાબદાર અધિકારી સ્થળ પર આવી પહોંચ્યા હતા અને સામાજિક આગેવાનો સાથે કામદારોની સમસ્યાઓ સાંભળી હતી.

#### કંપનીને તાળાબંધી કરવાની ચીમકી

આ તમામ સમસ્યાઓ ઉકેલવા માટે કંપનીના જવાબદાર અધિકારીએ શનિવાર સુધીમાં સામાજિક આગેવાનો અને કંપની સાથે કામ કરતા તમામ કોન્ટ્રાક્ટરો તેમજ કામદારો સાથે મિટિંગ કરી ઉકેલ લાવવાની ખાતરી આપી હતી. જેને લઈ આજનું આ આંદોલન સમેટાયું હતું તેમજ મહુવાના સામાજિક આગેવાનોએ શનિવાર સુધીમાં આ સમસ્યાનું નિરાકરણ ન આવે તો સોમવારે તેઓ કામદારો સાથે ભેગા મળી કંપનીને તાળાબંધી કરવાની ચીમકી ઉચ્ચારી છે.



હિતેશ પટેલ

## માંડવીમાં ટ્રકમાં ભરીને કતલખાને લઈ જવાતી 11 ભેંસને ઉગારી લેવામાં આવી

**પોલીસ** અને જીવદયાપ્રેમીઓનું સંયુક્ત ઓપરેશન, ડ્રાઈવર-ક્લીનરની ધરપકડ, પશુ મોકલનારને વોન્ટેડ જાહેર કરાયો



માંડવીઃ માંડવીના નવા પુલ પરથી પસાર થતી ટ્રકમાં ખીચોખીચ ભરેલી 11 ભેંસોને કતલખાને લઈ જવાતી હોવાની જાણ જીવદયા પ્રેમીઓ અને પોલીસને કરાતા 11 પશુઓને ઉગારી લેવાયાં હતા. જેમાં ડ્રાઇવર અને ક્લીનરની ધરપકડ કરી પશુ મોકલનારને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ માંડવીના અંબિકા રેસિડન્સી પાસે હિંગળાઈ ફળિયા નજીક હિંગરાઈ ફળિયા પાસેથી પસાર થતી ટ્રકમાં 11 ભેંસોને ટૂંકા દોરડા વડે બાંધી કતલખાને લઈ જવાતી હોવાની બાતમી જીવદયા પ્રેમીઓને મળતા પીઆઇ જે.જી. મોડને જાણ કરાતા પોલીસે સાથે સ્થળ પર પહોંચી ટ્રક નં- GJ-16-w-3129ના ડ્રાઇવર સીરાજ હુસેન ભૈયાત અને ક્લીનર વિનોદ જગદીશ વસાવા (બંને રહે, વાંદરીયા,વાલિયા,જિ. ભરૂચ) પાસે પાસ પરમીટના પુરાવા માંગ્યા હતા. પરંતુ બંને પાસે કોઈ આધાર પુરાવા નહીં મળતા બંનેની અટકાયત કરી પોલીસે તેમને જેલ ભેગા કર્યા હતાં.

ટ્રકમાં ભરેલી 11 ભેંસોની કિંમત રૂ.1,65,000, મોબાઈલ, ટ્રક મળી કુલ કિંમત રૂ.8.70 લાખનો મુદ્દામાલ પોલીસે જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી. પશુ મોકલનાર ઇલ્યાસ યુસુફ કડીવાલાને પોલીસે વોન્ટેડ જાહેર કરી આગળની તપાસ હાથ ધરી છે.

## મહુવાના માલીબા કેમ્પસમાં બાઈકમાં આગ લાગી

અનાવલઃ મહુવાના માલીબા કેમ્પસ સામે ગરબા ગ્રાઉન્ડ નજીક ગતરોજ રાત્રિના સમયે પાર્ક કરેલી એક બાઈક નં.(જીજે ૦૫ એચએ ૪૭૦૦)માં અચાનક આગ ભભૂકી હતી. પ્રવીણ પટેલ નામના વ્યક્તિની બાઈકમાં જોતજોતામાં આગે મોટું સ્વરૂપ લેતાં સ્થાનિક લોકો દોડી આવ્યા હતા. આ બાબતે બારડોલી ફાયર બ્રિગેડને જાણ કરાઈ હતી. પરંતુ ફાયર ટીમ પહોંચે તે પહેલા સ્થાનિક લોકોએ પાણીનો મારો છાંટી આગને કાબૂમાં લીધી હતી. આગમાં મોટરસાઈકલને મોટું નુકસાન પહોંચ્યું હતું.

## વાઘેચામાં તાપી નદીમાં તણાયેલા તરુણનો મૃતદેહ ત્રણ દિવસ બાદ શામપુરાથી મળ્યો

**સોસાયટીના** લોકો સાથે માતાજીની મૂર્તિનું વિસર્જન કર્યા બાદ નાહવા પડ્યો અને તણાઈ ગયો હતો

કામરેજઃ તાતીથૈયામાં રહેતો તરૂણ બારડોલીના વાઘેચા ખાતે માતાજીની મૂર્તિનું વિસર્જન કરી તાપી નદીમાં નાહવા જતાં ડુબી ગયો હતો. તેનો મૃતદેહ શામપુરા પાસે નદીમાંથી ત્રણ દિવસ બાદ મળી આવ્યો હતો.

મૂળ મધ્યપ્રદેશના જગમ્મનપુરના વતની અને હાલ પલસાણા તાલુકાના તાંતીથૈયા ખાતે રામદેવ સોસાયટીમાં રહેતો રાજ રમેશ લક્ષકાર (ઉ.વ.16), ત્રણ દિવસ અગાઉ સોસાયટીમાં માતાજીની મુર્તિનું વિસર્જન કરવા માટે બારડોલી તાલુકાના વાઘેચા ખાતે સોસાયટીના લોકો સાથે ગયો હતો. સાંજના 6.00 કલાક સુધી રાજ ઘરે નહીં પહોંચતા સોસાયટીમાં રહેતા અંકિતસિંહને રાજના મોટાભાઈ દિપુએ રાજ બાબતે પુછપરછ કરતા, તે તાપી નદીમાં નાહવા જતાં ડુબી ગયો હોવાનું જણાવતા પરિવાર સાથે દિપુ રાજની શોધખોળ માટે વાઘેચા દોડી આવ્યો હતો.

સ્થાનિક તરવૈયા સાથે શોધખોળ કરવા છતાં તે વખતે કોઈ ભાળ મળી ન હતી. દરમિયાન કામરેજ તાલુકાના શામપુરા ગામની હદમાં તાપી નદીના પાણીમાંથી રાજનો મૃતદેહ મળી આવતા પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કડોદરામાં 22 વર્ષનો યુવક સૂતા બાદ ઊઠ્યો જ નહીં

પલસાણાઃ કડોદરા GIDC પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા હર્ષદ કોમ્પ્લેક્સમાં રહેતા એક યુવકનું ગઈકાલે રાત્રે અચાનક મોત થયું હતું.

મૂળ બિહારના કઠિયાનો રહેવાસી અને હાલ કડોદરાના શાંતિનગર સ્થિત હર્ષદ કોમ્પ્લેક્સમાં જિતેન્દ્રકુમાર રામાનંદ જાતે-ઝા (ઉં.વ.22) સોમવારે સાંજે ઘરે જમીને સૂઈ ગયો હતો. પરંતુ જ્યારે તેને ઉઠાડવામાં આવ્યો ત્યારે તેઓ ઊઠ્યો ન હતો. આથી તાત્કાલિક ચલથાણ સંજીવની હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસે આ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા માટે પોસ્ટમોર્ટમ કરાવાશે.

## બારડોલી નજીકના ઉતારા ગામે બે પશુનો શિકાર કરનારી દીપડી પાંજરે પુરાતા રાહત

**14 દિવસ** પૂર્વે દીપડાએ વાછરડાનો, જ્યારે પાંચ દિવસ અગાઉ દીપડાની જોડીએ બકરાનો શિકાર કર્યો હતોઃ હજુ પણ ગામમાં દીપડા ફરતા હોવાની દહેશત



બારડોલી : બારડોલી પાસેના ઉતારા ગામે બે અઠવાડીયામાં બે પશુનો શિકાર કરનાર દીપડી પાંજરે પુરાતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. જો કે ગામમાં હજૂ પણ દીપડા હોવાનું રહીશો જણાવી રહ્યા છે.

આ અંગે મળતી માહિતી અનુસાર આજથી 14 દિવસ પહેલા ઉતારા ગામના નરેશભાઈ હળપતિના ઘર પાછળથી દીપડાએ એક વાછરડાનો શિકાર કર્યો હતો અને તેને પેપર મિલ તરફ લઈ નાસી છૂટ્યો હતો. ત્યારબાદ પાંચ દિવસ અગાઉ પણ દીપડાની જોડીએ એક બકરાનો શિકાર કર્યો હતો. જો કે ઘરના લોકો જાગી જતાં જોડી ખેતર તરફ ભાગી છૂટી હતી. ઘટનાની જાણ થતાં જ બારડોલીની ફ્રેંડ્સ ઓફ એનિમલ વેલ્ફેર ટ્રસ્ટના પ્રમુખ જતિન રાઠોડે બારડોલી સામાજિક વનીકરણ વિભાગને જાણ કરી હતી. જો કે વન વિભાગનું વાહન ખરાબ હોવાથી નરેશભાઈ હળપતિએ પોતે વાહન ભાડે કરી બારડોલીથી પાંજરું લાવી ગોઠવવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

જે પાંજરું મારણ સાથે જગુભાઈ ઝાપટિયાના ખેતર પાસે મૂકવામાં આવ્યું હતું. જેમાં મરઘી ખાવાની લાલચે દીપડી પાંજરે પુરાઈ હતી. દીપડીની ઉંમર 4 થી 5 વર્ષ છે, તેને વન વિભાગ દ્વારા સુરક્ષિત જગ્યાએ છોડવામાં આવશે.

## બગુમરામાં ખાડીમાં ડૂબી જતાં યુવકનું મોત

પલસાણાઃ પલસાણાના તુંડી ગામે બલેશ્વર ફળિયામાં રહેતો નવીન નટુ રાઠોડ (ઉં.વ.19) 12 ઓક્ટોબરે સાંજે પાંચેક વાગ્યે માતાજીની મૂર્તિ વિસર્જન માટે તુંડી અને બગુમરા વચ્ચે આવેલી ખાડીમાં ગયો હતો. જ્યાં વિસર્જન વખતે ડૂબી ગયો હતો. શોધખોળ બાદ તેની લાશ સોમવારે સવારે મળી આવી હતી. પોલીસે આ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

**સુરત મહાનગરપાલિકા**

(Visit us at www.Suratmunicipal.gov.in)

**આકારણી અને વસુલાત વિભાગ**

સને ૨૦૨૪-૨૫નાં વર્ષ માટેની આકારણી અંગેની

**જાહેર નોટિસ**

**વિસ્તાર :** સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં આવેલ સેન્ટ્રલ ઝોન ૧૨-એ,બી (શાહપોર), ૫૨-એ (ગર્વમેન્ટ), **નોર્થ ઝોન (કતારગામ)** નાં વોર્ડ નં. ૧૫ - એચ (લાલદરવાજા પટેલવાડી), **ઈસ્ટ (વરાછા) ઝોન-એ** નાં વોર્ડ નં. ૧૮-ઈ (મીનીબજાર),૧૮- એફ (લંબેહનુમાન રોડ), ૨૪-એ, બી (મગોબ), ૭૨ એચ - (મગોબ-ઉત્તર), **ઈસ્ટ ઝોન-બી (નવો પૂર્વ ઝોન(સરથાણા))** નાં વોર્ડ નં.૬૯ - એ (સીમાડા), ૧૩૦- એ(લસકાણા), ૧૩૨-એ (પાસોદરા), **સાઉથ ઝોન-એ (ઉધના-એ)** નાં વોર્ડ નં. ૧૪-એ (ખટોદરા), ૨૭-બી,સી,ડી,(ઉધના),૩૦-બી,સી(પાંડેસરા),**સાઉથઝોન-બી (કનકપુર)** નાં વોર્ડ નં.૧૦૨- એ (સચીન),**સાઉથ વેસ્ટ ઝોન (અઠવા)** ના વોર્ડ નં. ૭૯-એ (ભીમરાડ),૮૧-એ (ખજોદ),૮૪- એ (આભવા),૮૭- એ (ગવિયર),૮૯- એ (ડુમસ), ૯૦- એ (ભીમપોર), ૯૧- એ(સુલતાનાબાદ), ૧૦૧- એ (કાદી ફળિયા), **સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત)** ના વોર્ડ નં. ૬૫-ડી(ગોડાદરા),૪૧-એ,બી,સી,ડી,ઈ, (ઉમરવાડા)ના વિસ્તારોમાં આવેલ ઈમારતો / જગાઓના સંદર્ભમાં સને ૨૦૨૪-૨૫નાં નાણાંકીય વર્ષની શરૂઆતથી અમલમાં આવતી ''નવી આકારણીની ચોપડી'' બાબત

૧/ સને ૧૯૪૯ નાં મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકાઓના અધિનિયમ (સને ૧૯૪૯ નાં મુંબઈ અધિનિયમ ક્રમાંક - ૫૯) ની અનુસૂચિ-ક ના પ્રકરણ-૮ અન્વયે કરવેરાનાં નિયમોના નિયમ-૨૧ નાં પેટા નિયમ (૨) અન્વયે ઠરાવ્યા મુજબ મજકુર અધિનિયમ અન્વયેનાં મિલ્કતકરોનાં હેતુ માટે સુરતની કોર્પોરેશને નકકી કરેલ સેન્ટ્રલ ઝોન નાં વોર્ડ નં. ૧૨-એ,બી (શાહપોર),૫૨-એ (ગર્વમેન્ટ), **નોર્થ ઝોન (કતારગામ)** નાં વોર્ડ નં. ૧૫ - એચ (લાલદરવાજા પટેલવાડી), **ઈસ્ટ (વરાછા) ઝોન-એ** નાં વોર્ડ નં. ૧૮-ઈ (મીનીબજાર), ૧૮- એફ (લંબેહનુમાન રોડ), ૨૪-એ, બી (મગોબ), ૭૨ -એચ (મગોબ-ઉત્તર), **ઈસ્ટ ઝોન-બી (નવો પૂર્વ ઝોન(સરથાણા))** નાં વોર્ડ નં.૬૯-એ (સીમાડા), ૧૩૦- એ (લસકાણા), ૧૩૨-એ (પાસોદરા), **સાઉથ ઝોન-એ (ઉધના-એ)** નાં વોર્ડ નં.૧૪-એ (ખટોદરા), ૨૭-બી, સી, ડી, (ઉધના),૩૦-બી,સી (પાંડેસરા), **સાઉથઝોન-બી(કનકપુર)** નાં વોર્ડ નં.૧૦૨- એ (સચીન),**સાઉથ વેસ્ટ ઝોન (અઠવા)** ના વોર્ડ નં.૭૯-એ (ભીમરાડ),૮૧-એ (ખજોદ),૮૪- એ (આભવા),૮૭- એ (ગવિયર),૮૯- એ (ડુમસ), ૯૦- એ (ભીમપોર), ૯૧- એ(સુલતાનાબાદ), ૧૦૧- એ (કાદી ફળિયા), **સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત)** ના વોર્ડ નં. ૬૫-ડી(ગોડાદરા),૪૧-એ,બી,સી,ડી,ઈ, (ઉમરવાડા) હેઠળનાં સ્થાનિક વિસ્તારોમાં આવેલી ઈમારતો/જમીનો/જગાઓનાં સંદર્ભમાં મજકુર કરવેરાનાં નિયમોના નિયમ-૯ નાં ખંડ (ક) થી (જ) અન્વયે ઠરાવ્યા મુજબની વિગતો સને ૨૦૨૪-૨૫નાં નાણાંકીય વર્ષથી અમલમાં આવતી નવી આકારણીની ચોપડી તૈયાર કરવામાં આવેલી છે અને તદ્દાનુસાર મિલકતકરો આકારવાનું, ઉઘરાવવાનું તથા વસુલ કરવાનું નકકી કરવામાં આવેલ છે.

૨/ **મ્યુનિ. સેન્ટ્રલ ઝોન** નાં વોર્ડ નં. ૧૨-એ,બી (શાહપોર),૫૨-એ (ગર્વમેન્ટ), **નોર્થ ઝોન (કતારગામ)** નાં વોર્ડ નં. ૧૫ - એચ (લાલદરવાજા પટેલવાડી), **ઈસ્ટ (વરાછા) ઝોન-એ** નાં વોર્ડ નં. ૧૮-ઈ (મીનીબજાર), ૧૮- એફ (લંબેહનુમાન રોડ), ૨૪-એ, બી (મગોબ), ૭૨ -એચ(મગોબ-ઉત્તર), **ઈસ્ટ ઝોન-બી (નવો પૂર્વ ઝોન(સરથાણા))** નાં વોર્ડ નં.૬૯ - એ (સીમાડા), ૧૩૦- એ (લસકાણા), ૧૩૨-એ (પાસોદરા), **સાઉથ ઝોન-એ(ઉધના-એ)** નાં વોર્ડ નં.૧૪-એ(ખટોદરા), ૨૭- બી, સી, ડી, (ઉધના), ૩૦-બી,સી (પાંડેસરા), **સાઉથઝોન-બી(કનકપુર)** નાં વોર્ડ નં.૧૦૨- એ (સચીન),**સાઉથ વેસ્ટ ઝોન (અઠવા)** ના વોર્ડ નં.૭૯-એ (ભીમરાડ),૮૧-એ (ખજોદ),૮૪- એ (આભવા),૮૭- એ (ગવિયર),૮૯- એ (ડુમસ), ૯૦- એ (ભીમપોર), ૯૧- એ(સુલતાનાબાદ), ૧૦૧- એ (કાદી ફળિયા), **સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત)** ના વોર્ડ નં. ૬૫-ડી(ગોડાદરા),૪૧-એ,બી,સી,ડી,ઈ, (ઉમરવાડા) માં આવેલ તમામ ઈમારતો જમીનો / જગાઓના સંદર્ભમાં મિલકતવેરો ભરવાને પ્રથમતઃ જવાબદાર વ્યકિતઓ/તેના ધારણ કરનારાઓ/તેના ભોગવટો કરનાર હોવાનો વ્યાજબી રીતે દાવો કરતી હોય તેવી વ્યકિતઓને, મજકુર કરવેરા નિયમોના નિયમ-૧૩ અને ૧૫ અન્વયે ઠરાવ્યા મુજબ આથી જાહેર નોટિસ આપી જણાવવામાં આવે છે કે, મજકુર નવી આકારણીની ચોપડીની કરવેરાના નિયમોના નિયમ-૯ નાં ખંડ (ક) થી (જ) અન્વયે ઠરાવ્યા મુજબની વિગતોને લગતી તમામ નોંધો કે જે મિલકત કરોના હેતુ માટે સને ૨૦૨૪-૨૫નાં નાણાંકીય વર્ષની શરુઆતથી અમલમાં આવતી હોવાથી મજકુર આકારણીની ચોપડી સુરત મહાનગરપાલિકાનાં જે તે ઝોન કચેરીનાં એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગની કચેરીમાં જાહેર તહેવારોની રજાઓના દિવસો સિવાયના દિવસોએ તા. ૩૦/૧૦ /૨૦૨૪ સુધી કચેરી સમય દરમ્યાન ૧૦.૩૦ ક. થી સાંજે ૬.૧૦ કલાક સુધી (બપોરે ૨.૩૦ ક. થી ૩.૦૦ ક. રીસેષ સિવાય) જોવા માટે ખુલ્લી રાખવામાં આવશે. મજકુર ઈમારત/જમીન/જગાના માલિક/મિલકતકરો ભરવાને પ્રથમતઃ જવાબદાર વ્યકિત/તેના ધારણ કરનાર/તેનો ભોગવટો કરનાર હોવાનો વ્યાજબી દાવો કરતી હોય તેવી વ્યકિત કે ભોગવટો કરનાર એજન્ટને કોઈપણ ચાર્જ લીધા વગર ઉકત ઈમારત/જમીન/જગાને લગતી ઉકત ચોપડીનો કોઈપણ ભાગ જોવા દેવામાં આવશે અથવા તેમાંથી કોઈ નોંધના ઉતારા લેવા દેવામાં આવશે.

૩/ આથી જાહેર સુચના આપવામાં આવે છે કે, મિલકત કરોના હેતુ સારૂ સને ૨૦૨૪-૨૫નાં નાણાંકીય વર્ષની શરૂઆતથી અમલમાં આવતી અને તેવી મિલકત ઈમારત/જમીન/જગાને લગતી કોઈપણ નોંધ કે નોંધોની સામે કોઈ ફરિયાદ હોય તો તેવી ફરિયાદના કારણો ટૂંકાણમાં પણ પૂરેપૂરા જણાવી તેવી લેખિત ફરિયાદ (હરકત અરજી) જરૂરી સાધનિક પુરાવાઓ સહિત આ નોટિસ પ્રસિધ્ધ થયા બાદ તા.૩૦/૧૦/૨૦૨૪ સુધીના નિયત સમયમર્યાદામાં મ્યુનિ. કમિશ્નરશ્રીને પહોંચે તે રીતે મોકલી આપવાની રહેશે. વહીવટી સરળતા ખાતર આવી ફરિયાદ અરજી સુરત મહાનગરપાલિકાનાં જે તે ઝોન ખાતેના નાગરિક સુવિધા કેન્દ્રમાં રૂા.૫૦/- નાં ફોર્મમાં રજુ કરવી વધુ હિતાવહ ગણાશે. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી સિવાયની અન્ય વ્યકિતને સંબોધીને અથવા ઉપરોકત સમયમર્યાદા બહાર રજુ થયેલ અને/અથવા પૂરેપૂરા કારણો જણાવ્યા ન હોય તેવી અને/અથવા અધૂરા કારણોવાળી અને/અથવા જરૂરી સાધનિક પુરાવાઓ વગરની કોઈપણ ફરિયાદ/અરજી પર ધ્યાન આપવામાં આવશે નહી. આવી ફરિયાદ અરજી દફતરે કરવાને પાત્ર ઠરશે. પ્રત્યેક ટેનામેન્ટના સંદર્ભમાં સંપૂર્ણ માહિતીઓવાળી અલગ અલગ ફરિયાદ અરજી રજુ કરવાની રહેશે. આ મુજબ કરેલ લેખિત ફરિયાદ અરજીઓની તપાસ અને તેનો નિકાલ મજકુર કરવેરા નિયમો અન્વયે ઠરાવ્યા મુજબ કરવામાં આવશે.

૪/ વધુમાં આવી પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે, જો લેખિત ફરિયાદ અરજી નિયત સમયમર્યાદામાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને પહોંચાડવામાં ન આવશે તો મજકુર બાબતમાં એવી વ્યકિત/વ્યકિતઓને કોઈ જ ફરિયાદ નથી તેમ સમજી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૫/ **સેન્ટ્રલ ઝોન** નાં વોર્ડ નં. ૧૨-એ,બી (શાહપોર), ૫૨-એ (ગર્વમેન્ટ), **નોર્થ ઝોન (કતારગામ)** નાં વોર્ડ નં. ૧૫ - એચ (લાલદરવાજા પટેલવાડી), **ઈસ્ટ (વરાછા) ઝોન-એ** નાં વોર્ડ નં. ૧૮-ઈ (મીનીબજાર), ૧૮-એફ (લંબેહનુમાન રોડ), ૨૪- એ, બી (મગોબ),૭૨ -એચ (મગોબ-ઉત્તર), **ઈસ્ટ ઝોન-બી (નવો પૂર્વ ઝોન(સરથાણા))** નાં વોર્ડ નં.૬૯ - એ (સીમાડા), ૧૩૦- એ (લસકાણા), ૧૩૨-એ (પાસોદરા), **સાઉથ ઝોન-એ (ઉધના-એ)** નાં વોર્ડ નં.૧૪-એ(ખટોદરા), ૨૭-બી,સી, ડી, (ઉધના),૩૦-બી,સી (પાંડેસરા), **સાઉથઝોન-બી (કનકપુર)** નાં વોર્ડ નં.૧૦૨- એ (સચીન), **સાઉથ વેસ્ટ ઝોન (અઠવા)** ના વોર્ડ નં.૭૯-એ (ભીમરાડ),૮૧-એ(ખજોદ),૮૪- એ (આભવા),૮૭- એ (ગવિયર), ૮૯- એ (ડુમસ), ૯૦- એ (ભીમપોર), ૯૧- એ(સુલતાનાબાદ), ૧૦૧- એ (કાદી ફળિયા), **સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત)** ના વોર્ડ નં. ૬૫-ડી(ગોડાદરા),૪૧-એ,બી,સી,ડી,ઈ, (ઉમરવાડા) ની વાંધા અરજીઓ જે તે ઝોનનાં નાગરિક સુવિધા કેન્દ્રમાં સ્વીકારવામાં આવશે તેમજ એસેસમેન્ટ રજીસ્ટરો જે તે ઝોનમાં એસેસમેન્ટ એન્ડ રીકવરી વિભાગમાં તા.૩૦/૧૦ /૨૦૨૪ સુધી જોવા માટે ખુલ્લા રાખવામાં આવશે.

૬/ વાંધા અરજી(હરકત અરજી) નિયત કરેલા રૂા.૫૦/- નાં ફોર્મમાં જ રજૂ કરવાની રહેશે. જે અરજી ફોર્મ સુરત મહાનગરપાલિકાની ઝોન ઓફિસ/નાગરિક સુવિધા કેન્દ્રો પરથી મળી રહેશે. તથા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી વિના મૂલ્યે ફોર્મ મેળવી શકશો.

**નં.પી.આર.ઓ./૨૬૪/૨૦૨૪-૨૫**
**સુરત મહાનગરપાલિકા**
**સુરત, તા.૧૫-૧૦ -૨૦૨૪**

**મ્યુનિ.કમિશ્નર**
**સુરત મહાનગરપાલિકા**